---

## શહેરાનાં મહે. એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
## એ.આર.તાપીઆવાલા સાહેબની અદાલતમાં જી.પંચમહાલ,મુ.શહેરા.

---

**ફોજદારી કેસ નંબર–૧૫૫૫/૨૦૨૫**

**આંક –**

ફરિયાદી :– શ્રી સરકાર

**વિરૂધ્ધ.**

આરોપીઓ :– ૦૧.ખેડુત એગ્રો સેન્ટર,
રહે.જુની જી.ઈ.બી. ઓફીસ સામે,લુણાવાડા–ગોધરા રોડ,શહેરા
તા.શહેરા,જી.પંચમહાલ.
૦૨ પટેલ નિરાલીબેન તેજશકુમાર
રહે.પાનમ કોલોની, કોઠંબા .પંચમહાલ.
૦૩.Kurnool seeds pvt. ltd C/o H.No. 1-5-1055/55 2nd Floor, SVLN Arcade, Old Alwal Road, HMT Officers Colony Hydrabad, Telangana
૦૪.Santosh Kumar Vasantrao Patil, Makan No. 553/2, Katni Camp Sindhi Basti, Hanuman Mandir Ke Samne, Burhanpur, Madhya Pradesh-450331

---

**ગુનો :– બિયારણ અધિનિયમ,૧૯૬૬ની કલમ–૬(ક),૭(ખ) તથા બિયારણ નિયમો,૧૯૬૮ ના નિયમ–૧૦ ના ભંગ બદલ બિયારણ અધિનિયમ,૧૯૬૬ ની કલમ–૧૯ મુજબનો**

---

**–: ચુકાદો :–**

**૧.** ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓએ તેમના કબજાનું Kurnool Seeds Pvt. Ltd., C/o H.No. 1–5–1055/55, 2nd Floor, SVLN Arcade, Old Alwal Road, HMT Officers Colony, Hyderabad, Telangana ધ્વારા ઉત્પાદિત, બિયારણ, પાકનું નામ: Maize, જાત: Shivani

(KSMH–1980) અને વર્ગ: Truthful, લોટ નં. RTENH–9824024, ડેટ ઓફ ટેસ્ટ: ૨૬/૦૩/૨૦૨૫, વેલીડ અપ ટુ: ૨૫/૧૨/૨૦૨૫ના ૦૪.૦૦ કિ.ગ્રા. પેકીંગના ૧૬ થેલી જથ્થામાંથી પેઢીના જવાબદાર વ્યક્તિની રૂબરૂમાં પૃથ્થકરણના હેતુ માટે નમુના નંબર: SHS–18/2025–26, તા. 04/06/2025 થી નમુનો લઈ આ જ અધિનિયમની કલમ– ૧૪(૧)(ખ) હેઠળ અમોને મળેલ સત્તાની રૂએ બિયારણ અધિનિયમ, ૧૯૬૬ ની કલમ–૧૫ની પેટા કલમ– (૧) ના ખંડ – (ક) મુજબ ચકાસણી અથવા પૃથક્કરણ માટે બિયારણનો નમુનો લેવાની બિયારણ નિયમો, ૧૯૬૮ ના નિયમ–૩૪ મુજબ નમુના નંબર– VI માં લેખિત જાણ કરેલ હતી જેની નકલ આ સાથે સામેલ છે તથા બિયારણ અધિનિયમ,૧૯૬૬ની કલમ–૬(ક),૭(ખ) તથા બિયારણ નિયમો,૧૯૬૮ ના નિયમ–૧૦ ના ભંગ બદલ બિયારણ અધિનિયમ,૧૯૬૬ ની કલમ–૧૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

**૨.** આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીઓને ફરીયાદ ની નકલો આપ્યા બાદ આરોપીઓની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને ગુના કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે.

**3.** આરોપીઓએ ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય, આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવીષ્યમા આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીઓને સજા કરવી જોઈએ તેમ માનું છું. પરંતુ આરોપીઓની કબૂલાત પુરસીસ વંચાણે લેતા તેમ જ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામા આવેલી રજૂઆતોને લક્ષમા લેતા આ કામમા આરોપીઓને હાલના ગુના સબબ કલમમા ન્યુન્તમ સજા નિયત કરેલી ના હોય, આરોપીઓની સામે જે પ્રકારના ગુનાનો આક્ષેપ છે તેને લક્ષમા લેતા આવા પ્રકારના સંજોગોમા રજુઆતોને લક્ષમા લેતા આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા અને ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## – :: <u>હુકમ</u> :: –

આરોપીઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૭૨ અન્વયે <u>બિયારણ અધિનિયમ,૧૯૬૬ની કલમ–૬(ક),૭(ખ) તથા બિયારણ નિયમો,૧૯૬૮ ના નિયમ–૧૦ ના ભંગ બદલ બિયારણ અધિનિયમ,૧૯૬૬ ની કલમ–૧૯</u>ના ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીઓને <u>બિયારણ અધિનિયમ,૧૯૬૬ની કલમ–૬(ક), ૭(ખ) તથા બિયારણ નિયમો, ૧૯૬૮ ના નિયમ–૧૦ ના ભંગ બદલ બિયારણ અધિનિયમ,૧૯૬૬ ની કલમ–૧૯</u> ના ગુના બદલ તકસીરવાન ઠરાવીને દરેક આરોપીને રૂા.૫૦૦/– અંકે રુપીયા પાંચસો પુરા દંડ ફરમાવવામા આવે છે. જેમ કે કુલ દંડ રૂપિયા. ૨૦૦૦/– આરોપીઓ જો દંડની રકમ ના ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

મુદામાલ જો હોય તો અપીલ પીરીયડ બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તા. ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : શહેરા.
તા. ૧૪/૦૩/૨૦૨૬

(એ.આર.તાપીઆવાલા)
(Code No.GJ00733)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
શહેરા,પંચમહાલ.